પ્રાપ્તિ તારીખ : ૦૧/૦૩/૨૦૧૬
નોંધ્યા તારીખ : ૦૧/૦૩/૨૦૧૬
ફેંસલ તારીખ : ૦૨/૧૧/૨૦૧૮

સમય :વર્ષ ૦૨, માસ ૦૮, દિવસ ૦૧

सत्यमेव जयते

# વડોદરાના મ્હે. ૨૫માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ

**ફોજદારી કેસ નંબર : ૩૭૨૪૭/૧૧**
**(જુનો ફો.કે.નં. ૨૧૪૦/૨૦૧૧)**
**(જુની ફો.ઈન્ક. નં.૧૮/૨૦૧૧)**

**આંક :**

| | |
|---|---|
| **ફરીયાદી** | સતેજ પુરુષોતમ અગાશે<br>ઉ.વ.૫૯, ધંધો–નોકરી<br>રહે. બ્લોક નં.૨, કાશી વિશ્વનાથ નગર, લાલબાગ,<br>વડોદરા |
| **આરોપી** | અમેય મીલીન્દ અગાશે<br>ઉ.વ.૨૨, ધંધો–નોકરી<br>રહે. બ્લોક નં.૨, કાશી વિશ્વનાથ નગર, લાલબાગ,<br>વડોદરા |
| **ગુન્હો** | ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૪૫૩ મુજબ |
| **ફરીયાદપક્ષે** | વિધ્વાન વકીલશ્રી એસ.એમ.સોનગડકર |
| **બચાવપક્ષે** | વિધ્વાન વકીલ શ્રી એમ.ડી.ગ્રીગલાણી |

## –:: હુકમ ::–

(૧) ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આરોપી ફરીયાદીના ભાઈના દીકરા થાય છે. ફરીયાદી અને આરોપીની વડીલોપાર્જીત મિલ્કત ૨, કાશી વિશ્નાથ નગર, લાલબાગ રોડ, વડોદરામાં આવેલ છે અને તેમાં ફરીયાદી અને આરોપી રહે છે. તારીખ ૦૧/૦૩/૨૦૦૪ના રોજ કરેલ કૌટુંબિક વહેચણી મુજબ ૨, કાશી વિશ્નાથ નગર, લાલબાગ

રોડ, વડોદરા વાળા મકાનમાં ફરીયાદીને ગ્રાઉન્ડ ફલોર તથા બીજો માળ તથા ગ્રાઉન્ડ ફલોર પર આવેલ ખુલ્લી જમીન મળેલ જેથી આ મિલ્કતમાં ફરીયાદી તેઓના કુટુંબ સાથે રહે છે. આરોપી ફરીયાદીના ભત્રીજા થાય છે અને આ મિલ્કતનો પહેલો માળ આરોપીના પિતાને કૌટુંબિક વહેંચણીના નિવેદન મુજબ મળેલ છે. ફરીયાદી સદરહું મકાનમાં બીજા માળે રહે છે અને મકાનમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર જે બંધ હાલતમાં છે તેમાં ફરીયાદીએ તેઓનું તાળું લગાવી રાખેલ છે. તારીખ ૦૯/૧૨/૨૦૦૯ના રોજ બપોરે આશરે દોઢ વાગ્યે ફરીયાદી જમવા માટે ઘરે આવેલ ત્યારે ગ્રાઉન્ડ ફલોરમાં મારેલ તાળું ન દેખાયું અને અન્ય કોઈનું તાળું દેખાયું ત્યારે ફરીયાદીએ તેઓના પત્નીને પુછતા તેઓને પણ જાણ ન હતી. આ બનાવ પહેલા કેટલાક સમયથી આરોપી ગ્રાઉન્ડ ફલોરના ભાગ માટે માંગણી કરતા હતા પરંતુ ફરીયાદી દાદ આપતા ન હતા તેમ છતાં આરોપી ભોંય તળીયાના ભાગનો કબજો સોંપવા ફરીયાદી ઉપર દબાણ કરી ધાક ધમકી આપતા હતા. પરીણામે ફરીયાદીએ પોલીસમાં અરજી કરેલ અને પોલીસમાં અરજી કરતા ત્રાહીત માણસો વચ્ચે પડતા આરોપીએ પોતાનું તાળું ખોલી ફરીયાદીને કબજો સોંપેલ તે પછી ફરીયાદીએ પોતાનું તાળું લગાવેલું. ફરીયાદ કર્યાના બે દિવસ પહેલા ફરીયાદીએ નોકરીએથી આવતા જોયું તો ફરીયાદીએ લગાવેલું તાળું દુર કરવામાં આવેલ હતું અને તેની જગ્યાએ બીજું તાળું જોવામાં આવ્યુ. અગાઉની હકીકતેથી ફરીયાદીને ખાત્રી હતી કે આરોપીએ તાળું તોડયું હશે જેથી ફરીયાદી આરોપીને સમજાવવા ગયેલ તો આરોપીએ નફફટ થઈની ધમકી આપેલ કે, મિલ્કતના આ ભાગનો હું બળઝબરીથી કબ્જો કરીશ, તમારાથી થાય તે કરી લેજો. આમ, ફરીયાદીની માલીકી, કબજો, ભોગવટાના મકાનમાં આરોપીએ તાળું તોડી ઘરફોડ કરી ઘર પ્રવેશ કરેલ. જેથી ફરીયાદીએ અદાલતમાં આરોપી વિરુધ્ધ ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૪૫૩ મુજબની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ અદાલત સમક્ષ ખાનગી ફરીયાદ તરીકે દાખલ કરતા તારીખ ૦૭/૦૨/૨૦૧૧ના રોજ આંક–૧ તળે હુકમ કરી ફરીયાદ ફોજદારી ઈન્ક. નં.૧૮/૨૦૧૧થી નોંધવામાં આવેલ હતી અને ફરીયાદ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૦૨ હેઠળ પોલીસ ઈન્કવાયરી માટે રાખવામાં આવેલ હતી. ત્યારબાદ તા.૦૪/૦૭/૨૦૧૧ના આંક–૧ તળે હુકમ કરી ફરીયાદ ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૪૫૩ મુજબના પ્રોસેસ જારી કરવામાં આવેલ હતા.

(૩) આ કામે આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતા અને આરોપી હાજર થતાં, તેઓને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ, આરોપીની આંક–૨૮થી પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના આક્ષેપીત ગુન્હાનો ઈન્કાર કરેલ હતો. જેથી, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી સંહિતાની કલમ–૨૭૩ મુજબ આરોપીની હાજરીમાં ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૪) ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજૂ કરેલ હતા.

| | | |
|---|---|---|
| ૧ | ફરીયાદી સતેજ પરસોતમ અગાશેની જુબાની | આંક–૨૯ |
| ૨ | પ્રોપર્ટી કાર્ડની નકલ | આંક–૩૫ |

(૫) ફરીયાદપક્ષને પુરતી અને વાજબી તક આપ્યા બાદ પણ ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજું કરેલ ન હોય તેથી તારીખ ૧૨/૦૭/૨૦૧૮ના રોજકામમાં નોંધ કરી ફરીયાદપક્ષનો વિશેષ પુરાવો રજું કરવાનો હકક બંધ કરવામાં આવેલ હતો.

(૬) ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થતાં સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીને તેઓની વિરૂધ્ધની હકિકત અને સંજોગો અંગે સમજાવેલ અને તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ હતું. જેમાં આરોપીએ તેઓની સામેના પુરાવાની હકિકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ બચાવના સાહેદ તપાસવા માંગતા નથી કે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેવી હકીકત જણાવેલ છે અને વિશેષમાં કોઈ ખાસ હકીકત જણાવતો ખુલાસો કરેલ નથી.

(૭) આરોપીનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ ફરિયાદપક્ષે આંક–૫૯થી લેખિત દલીલો રજું કરેલ હતી તે વંચાણે લેવામાં આવેલ હતી. જયારે બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી એમ.ડી.ગ્રીગલાણીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ હતી.

(૮) કેસની હકિકતો ધ્યાને લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | | નિર્ણય |
|---|---|---|---|
| ૧ | શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકિકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીએ તારીખ ૦૯/૧૨/૨૦૦૯ના રોજ કલાક ૧૩/૩૦ વાગ્યે અથવા ત્યારબાદ ગમે તે અરસામાં ફરીયાદીના મકાનમાં ગુપ્ત અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડ કરી ફરીયાદીએ પોતાના મકાનને લગાવેલ તાળું આરોપીએ ખોલી નાખી આરોપીએ પોતાનું તાળું લગાવી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૪૫૩ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે? | | નકારમાં |
| ૨ | શું હુકમ? | આખરી હુકમ મુજબ | |

<u>**–:: મુદ્દા નં.૧ના નિર્ણય અંગેના કારણો ::–**</u>

(૯) આ કામે ફરિયાદપક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની સમાલોચના કરવામાં આવે તો આ કામે ફરિયાદી સતેજ પરસોતમ અગાશેએ આંક–૨૯થી સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, આરોપી તેના ભાઈના દીકરા થાય છે. ફરીયાદી તેઓની વડીલોપાર્જીત મિલ્કત ૨–કાશી વિશ્વનાથ નગર, લાલબાગ, વડોદરામાં આરોપી સાથે રહે છે જેમાં ફરીયાદી બીજા માળે રહે છે અને આરોપી પહેલા માળે રહે છે. તારીખ ૦૧/૦૭/૨૦૦૪ના રોજ કરેલ કૌટુંબિક વહેચણી મુજબ સદરહું મકાનમાં ફરીયાદીને ગ્રાઉન્ડ ફલોર તથા બીજો માળ આવેલ તથા ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ ખુલ્લી જમીન પણ મળેલ છે જેમાં ફરીયાદી તેઓના કુટુંબીઓ સાથે રહે છે. સદરહું મિલ્કતનો પહેલો માળ આરોપીના પિતા એટલે કે ફરીયાદીના ભાઈને કૌટુંબિક વહેંચણીના નિવેદન મુજબ મળેલ છે. આમ, ફરીયાદી અને આરોપી એક જ મકાનમાં શાંતિથી રહેતા આવેલ છે. ફરીયાદી સદરહું મકાનમાં બીજા માળે રહે છે અને મકાનમાં આવેલ ગ્રાઉન્ડ ફલોર જે બંધ હાલતમાં છે તેમાં ફરીયાદી તાળું લગાવી રાખતા હતા. તારીખ ૦૭/૧૨/૨૦૦૯ના રોજ બપોરે આશરે દોઢ વાગ્યે ફરીયાદી જમવા માટે ઘરે આવેલ ત્યારે ગ્રાઉન્ડ ફલોરમાં મારેલ તાળું ન દેખાયું અને અન્ય કોઈનું તાળું દેખાયું ત્યારે ફરીયાદીએ તેઓના પત્નીને તે અંગે પુછતા તેઓને પણ જાણ ન હતી. ઉપરોકત બનાવ પહેલા કેટલાક સમયથી આ કામના આરોપી ગ્રાઉન્ડ ફલોરના ભાગ માટે માંગણી કરતા હતા પરંતુ તેઓ કુટુંબીજનો વચ્ચે થયેલ સમજણના આધારે ગ્રાઉન્ડ ફલોરનો ભાગ ફરીયાદીને મળેલ હોવાથી આરોપીની માંગણીને દાદ ન આપતા હતા અને આમ છતા આરોપી ફરીયાદી ઉપર દબાણ કરી ધાક ધમકી આપતા હતા. આથી, ફરીયાદીએ પોલીસમાં અરજી કરેલ અને પોલીસમાં અરજી કરતા ત્રાહીત માણસો વચ્ચે પડતા આરોપીએ પોતાનું

તાળું ખોલી ફરીયાદીને કબજો સોંપેલ તે પછી ફરીયાદીએ પોતાનું તાળું લગાવેલ. ફરીયાદ કર્યાના બે દિવસ પહેલા ફરીયાદીએ નોકરીએથી આવીને જોયું તો ફરીયાદીએ લગાવેલ તાળું દુર કરવામાં આવ્યું હતું અને તેની જગ્યાએ બીજું તાળું જોવામાં આવ્યુ. અગાઉની હકીકતેથી ફરીયાદીએ ખાત્રી હતી કે ફરીયાદીનું તાળું આરોપીએ તોડયુ હશે. જેથી ફરીયાદી આરોપીને સમજાવવા માટે ગયા કે આ પ્રમાણે તાળું કેમ તોડયુ અને તારું તાળું કેમ લગાવ્યુ? તો આરોપીએ ધમકી આપતા કહયુ કે, મિલ્કતના આ ભાગનો હું બળઝબરીથી કબજો કરીશ, તમારાથી થાય તે કરી લેજો. આ હકીકતે ફરીયાદીએ તેઓની માલીકી કબજા ભોગવટાના મકાનમાં આરોપીએ તાળું તોડી ધરોફોડ કરી ધર પ્રવેશ કરેલ છે તેથી ફકત તાળું તોડવા બાબતે ઈ.પી.કો.કલમ–૪૫૩ મુજબ ફરીયાદ કરેલ છે.

(૯.૧) બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી એ હકીકત કબુલ રાખે છે કે, તેના પિતાજીએ તારીખ ૨૮/૦૮/૧૯૮૭ના રોજ સંપુર્ણ મિલ્કતનું વીલ કરેલ અને તે વીલ મુજબ મિલ્કતની વહેંચણી તેમજ વહીવટ તેઓના મૃત્યુ બાદ કરવાની હતી. વધુમાં એ હકીકત કબુલ રાખે છે કે, વીલમાં જણાવેલ તમામ હકીકત સાચી છે અને વીલમાં લખેલ મિલ્કતનું વર્ણન બરાબર છે. વધુમાં એ હકીકત કબુલ રાખે છે કે, સદર વીલમાં એ હકીકત પણ જણાવેલ છે કે, પહેલા માળે વરંડા તથા તેની સાથે આવેલ એક રુમ સિવાયની ત્રણ રુમ હું મીલીન્દ(આરોપીના પિતા)ને વાપરવા અધિકાર આપું છું. વધુમાં ફરીયાદી એ હકીકત કબુલ રાખે છે કે, તે વીલમાં એ હકીકત પણ લખેલ છે કે, ભોંયતળીયામાં એક ભાડુઆત મહેન્દ્રભાઈ પટેલ રહેતા હતા અને તેઓએ માસિક ભાડાની રકમ રૂા.૫૨૫/– આપે છે તે રકમ સતેજએ બીજા પુત્ર મીલીન્દ(આરોપીના પિતા)ને આપવી તેવું ઠરાવું છું. વધુમાં ફરીયાદી તેઓની ઉલટ તપાસમાં એ હકીકત પણ કબુલ રાખે છે કે, ભોંય તળીયે જે ભાડુઆત છે તે જગ્યા ખાલી થાય તો અને મીલીન્દને ઈચ્છા થાય તો મીલીન્દ(આરોપીના પિતા) ભોંય તળીયે રહેવા આવી શકશે. વધુમાં ફરીયાદી એ હકીકત કબુલ રાખે છે કે, વીલમાં એવું પણ લખેલ છે કે, વીલ કરનારના મૃત્યુ પછી મીલીન્દને જો કોઈ પુત્ર–પુત્રી થાય તો તે પુખ્ય વયની અને સમજદાર થાય ત્યારે ભોંય તળીયાનો એ માલીક થાય તે પ્રમાણેની વ્યવસ્થા સતેજ(ફરીયાદી)એ કરવાની રહેશે. વધુમાં ફરીયાદી એ હકીકત કબુલ રાખે છે કે, સદર વીલ ફરીયાદીનું પહેલું અને આખરી વીલ છે. વધુમાં ફરીયાદી એ હકીકત પણ કબુલ રાખે છે કે, સદર વીલમાં એવી પણ હકીકત લખેલ છે કે, વીલ કરનારની હયાતી પછી સતેજ(ફરીયાદી) સદર સ્થાવર મિલ્કત વેચાણ કરે તેવા પ્રસંગે પ્રાપ્ત થયેલ રકમમાંથી અર્ધો ભાગ મીલીન્દ(આરોપીના પિતા)ને આપવાનો રહેશે. વધુમાં એ

હકીકત કબુલ રાખે છે કે, હાલનો આરોપી મીલીન્દનો પુત્ર છે. વધુમાં એ હકીકત કબુલ રાખે છે કે, વીલ કરનાર એટલે તેના પિતાજી તારીખ ૨૪/૦૨/૨૦૦૦ના રોજ અવશાન પામેલ છે.

(૯.૨) ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા એ હકીકત અત્રે નોંધવી જરુરી છે કે, વીલની કાયદેસરતા અને મિલ્કતનું ટાઈટલ નકકી કરવાની સતા અત્રેની ફોજદારી કોર્ટને રહેલ નથી પરંતુ આ અંગેની સતા માત્ર સીવીલ કોર્ટને રહેલ છે. પરંતુ હાલના ફોજદારી કેસનો મુખ્ય વિષય જ અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડ છે. ફરીયાદપક્ષના આક્ષેપ અનુસાર આરોપીએ કહેવાતી મિલ્કતમાં અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડ કરેલ છે કે કેમ? તે હાલના કેસની મુખ્ય વિષય વસ્તુ છે. તેથી આટલા પુરતો જ ફરીયાદ વાળી મિલ્કતના ભોંય તળીયે જે ભાગ આવેલ છે તે મિલ્કત કોની છે તે હાલના કેસ પુરંતુ જ નકકી કરવાનું રહે છે કારણ કે જો ફરીયાદીની મિલ્કત હોય અને તેમાં આરોપી ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે તો તે અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડનો ગુન્હો થઈ શકે અને જો તે મિલ્કત આરોપીની જ હોય અને તેમાં આરોપી પ્રવેશ કરે તો પોતાની મિલ્કતમાં જ પ્રવેશ કરવાથી આરોપી સામે અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડનો કોઈ ગુન્હો બનતો નથી. આથી, આરોપી ફરીયાદ વાળી મિલ્કતના ભોંય તળીયે આવેલ મકાનમાં પ્રવેશ કરેલ છે તે પ્રવેશ કાયદેસરનો છે કે ગેરકાયદેસરનો છે અને ભોંય તળીયાની મિલ્કત આરોપીની છે કે ફરીયાદીની છે તે હકીકત આ ગુન્હાનો નિર્ણય કરવા માટે અનિવાર્ય છે. આથી, હાલના ફોજદારી કેસના નિર્ણય માટે જે પુરાવાના મુલ્યાંકનની ચર્ચા કરવામાં આવેલ છે તેના કારણોની કોઈ અસર પક્ષકારો વચ્ચે ચાલતા અન્ય સીવીલ લીટીગેશનને અસર કરતા રહેતી નથી તે હકીકત સર્વ વિદીત છે. આ હકીકત ધ્યાને લઈ ફરીયાદીની ફરીયાદ હકીકત વંચાણે લેવામાં આવે તો ફરીયાદી કે તેના કોઈ સાહેદોએ ખુદ ફરીયાદ હકીકત મુજબ પણ આરોપીને ભોંય તળીયે આવેલ મિલ્કતમાં અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડ કરતા નઝરે જોયેલ નથી પરંતુ ખુદ ફરીયાદના આધારે જ ફરીયાદીએ આરોપી ઉપર માત્ર અનુમાનના આધારે ફરીયાદ કરેલ છે. વધુમાં ફરીયાદીના સોગંદ ઉપરના પુરાવામાં આરોપી પક્ષે જે ઉલટ તપાસ કરેલ છે તે ધ્યાને લેવામાં આવે તો આરોપી ફરીયાદીના ભત્રીજા થાય છે એટલે કે આરોપીના પિતા અને ફરીયાદી તે સગા ભાઈ થાય છે. જે મિલ્કતમાં અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડ કર્યાનું કહેવામાં આવે છે તે ફરીયાદીના પિતા અને આરોપીના દાદાની સ્વપાર્જીત મિલ્કત છે તેવું ફરીયાદી ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે અને ઉલટ તપાસમાં જ ફરીયાદી જે હકીકત કબુલ રાખેલ તે મુજબ ભોંય તળીયાનો મિલ્કતનો ભાગ આરોપીના પિતા અને આરોપીના પિતાને પુત્ર જન્મે તો તેનો એટલે

કે આરોપીનો રહેશે તેવું ખુદ ફરીયાદીના પીતાએ વીલની નકકી કરી આપેલ હતું. તે અંગે ફરીયાદીએ પણ કોઈ પોતાની ઉલટ તપાસમાં તકરાર કરેલ નથી. તેવા સંજોગોમાં તે ફરીયાદ વાળી મિલ્કતમાં ભોંય તળીયાના ભાગે આરોપીએ અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડ કર્યાનું ફરીયાદીએ જોયેલ નથી પણ અનુમાન કરેલ છે તે મિલ્કત ખુદ ફરીયાદીએ ઉલટ તપાસમાં કબુલ રાખ્યા અનુસાર વીલથી આરોપી/આરોપીના પિતાને મળેલ છે. અત્રે ફરીથી એ હકીકત નોંધવી જરુરી લાગે છે કે, વીલના આધારે આરોપી ભોંય તળીયા વાળી મિલ્કતના માલીક બનેલ છે કે કેમ? તે નકકી કરવું અત્રેની ફોજદારી અદાલતનું કાર્ય નથી પરંતુ આરોપીએ જે મિલ્કતમાં અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડ કર્યાનો ફરીયાદીએ આક્ષેપ કરેલ છે તે મિલ્કત કોની છે તેવું પ્રથમ દર્શનીય રીતે નકકી કરવું આ ફોજદારી અદાલત માટે જરુરી છે અને તે નિર્ણય માટેના કોઈ કારણો પક્ષકારો વચ્ચે ચાલતા સીવીલ લીટીગેશનને અસરકર્તા રહેશે નહી. આમ, ખુદ ફરીયાદીએ તેઓની ઉલટ તપાસમાં જણાવ્યા અનુસાર ફરીયાદીના પિતાએ પોતાની સ્વપાર્જીત મિલ્કત ભોંય તળીયાનો ભાગ આરોપીના પિતા/આરોપીને આપેલ હોય તે રીતે જો આરોપીએ ભોંય તળીયાની વડીલોપાર્જીત મિલ્કતમાં પ્રવેશ કરે તો તેવા પ્રવેશને અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડ કહી શકાય નહી. આથી પણ વિશેષ આરોપીએ આવો અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડ કરેલ હોય તેવી હકીકત પણ ફરીયાદી કે તેના કોઈ સાહેદોએ જોયેલ નથી. તેવા સંજોગોમાં આરોપીએ ફરીયાદપક્ષના કેસ અનુસાર અનધિકૃત ગૃહપ્રવેશ અને/અથવા ધરફોડનો કોઈ ગુન્હો કરેલ છે તે હકીકત સાબિત થતી નથી. આમ, ફરિયાદપક્ષ આરોપી સામેના આક્ષેપયુકત અપરાધને શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. **આથી, મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.**

**<u>–:: મુદ્દા નં.રના નિર્ણયના કારણો ::–</u>**

(૧૦) ઉપરોકત ચર્ચાના આધારે તેમજ મુદ્દા નં.૧ના નિર્ણયને લક્ષમાં રાખી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપી અમેય મીલીન્દ અગાશેને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૫૫(૧) અન્વયે ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૪૫૩ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા.૫૦૦૦/– ના જાતમુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન આ અદાલતમાં રજૂં કરવા.

આ આખરી હુકમ આજ રોજ વડોદરા મુકામે તારીખ ૦૨જી નવેમ્બર, ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(સમીર રતીલાલ સાંગાણી)**
**૨૫માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**વડોદરા**
**GJ01046**